## પહેલા પાનાનું ચાલુ

### બંગાળમાં બબાલ

અને ટીએમસીના સમર્થકો વચ્ચે અથડામણ થઇ હતી. ગુસ્સે થયેલા ભાજપના સમર્થકો કૉલેજની બહાર ટીએમસીના સમર્થકો સાથે મારામારી કરતા દેખાયા હતા.આ અથડામણમાં અમિત શાહ બચી તો ગયા હતા, પણ એમણે પોતાની રેલી ટૂંકાવવી પડી હતી અને પોલીસ એમને સુરક્ષિત સ્થળે લઇ ગયા હતા. પત્રકાર પરિષદમાં ટીએમસીના નેતા ડેરેક ઓબ્રિએનએ જણાવ્યું હતું કે વીડિયોથી ભાજપે શું કર્યું એજ સાબિત નથી થતું, પણ એ ભાજપ પ્રમુખ અમિત શાહ જુઠ્ઠા હોવાનો પુરાવો પણ આપે છે. ગઇકાલે જે થયું એથી બંગાળીઓનું માન ઘવાયું હતું. આ પ્રસંગે એમણે એક વીડિયો અને વૉટ્સઍપ સંદેશ પણ બતાવ્યો હતો, જેમાં ટીએમસી અને પોલીસ સાથે લડવા માટે લોકોને અમિત શાહની રેલીમાં લાકડી અને શસ્ત્રો લઇને આવવા જણાવાયું હતું. ટીએમસીએ નાયબ ચૂંટણી કમિશનર સુદીપ જૈન પર પોલીસને ભાજપના મામલે રાજ્યમાં દખલ ન દેવાનો આદેશ આપ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. (પીટીઆઇ)■

### અમેરિકા-ઈરાન ટેન્શન

આંશિક રીતે બંધ કરવાનો નિર્ણય કર્યો છે. ઈરાકમાં અમેરિકાના નાગરિકો અને કંપનીઓ સામે ઈરાકમાં સક્રિય સંખ્યાબંધ ત્રાસવાદી જૂથો જોખમ ઊભું કરી શકે છે તેવું અમેરિકા માને છે. અમેરિકાના વિદેશપ્રધાન માઈક પોમ્પિયોએ ગત સપ્તાહમાં બગદાદની મુલાકાત લીધી હતી. પોમ્પિયોએ પત્રકારોને કહ્યું કે ઈરાનના દળો તેમની તાકાત વધારી રહ્યા હોવાથી અને હુમલો થઈ શકે છે તેવી સંભાવનાને ધ્યાનમાં લેવામાં આવી છે.

ઈરાન સાથેના અણુસોદામાંથી પીછેહઠ કર્યા પછી અમેરિકાએ ઈરાન પરના આર્થિક પ્રતિબંધો વધુ કડક કર્યા છે. ■

### અમિત શાહનો આક્ષેપ

બોન્ડ લઈ આવા લોકોને છોડી મૂકવામાં આવે છે. ચૂંટણી પંચના આવા બેવડા ધોરણ કેમ છે? શા માટે ચૂંટણી પંચ મૌન છે?'

અમિત શાહે કહ્યું હતું કે, સીઆરપીએફની સુરક્ષા ન મળતે તો તેમના કાફલા પર થયેલા હુમલામાંથી તેમના માટે બચવું મુશ્કેલ હતું. કોલકોતાના માર્ગો પર ભાજપના અને ટીએમસીના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી. ધાંધલધમાલના પગલે અમિત શાહનો રોડ શો અડધેથી અટકાવી દેવો પડ્યો હતો. વિદ્યાસાગર કોલેજની હૉસ્ટેલમાંથી ભાજપના કાફલા પર કથિત રીતે ટીએમસીના ટેકેદારોએ પથ્થરમારો કર્યો હતો. ભાજપના કાર્યકરોએ વળતો જવાબ આપ્યો હતો અને તે દરમિયાન કૉલેજ કેમ્પસમાં રહેલી વિદ્યાસાગરની પ્રતિમાને નુકસાન થયું હતું.

ભાજપ હિંસા માટે જવાબદાર છે તેવા ટીએમસીના આક્ષેપના પ્રતિભાવમાં અમિત શાહે કહ્યું કે, ભાજપ દરેક રાજ્યમાં ચૂંટણી લડી રહી છે તો પછી પશ્ચિમ બંગાળમાં જ હિંસા થઈ રહી છે. તેમણે કહ્યું કે મમતા બેનર્જી પોતાના ભાષણોમાં ધમકી આપતા રહે છે, પણ તેમને પ્રચારકાર્યથી અટકાવવામાં આવતા નથી અને આમ લોકશાહીનું ગળું રુંધાઈ રહ્યું છે.

દરમિયાન ટીએમસીએ એક પત્રકાર પરિષદમાં વીડિયો જાહેર કરી દાવો કર્યો હતો કે, ભાજપના ગુંડાઓએ હિંસા ફેલાવી હતી અને વિદ્યાસાગરની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું હતું. અમિત શાહે કહ્યું કે, કૉલેજના દરવાજા બંધ હતા અને ભાજપ કાર્યકરો તો કૉલેજની બહાર હતા તો પછી કેમ્પસમાં એક રૂમની અંદર રાખેલી પ્રતિમાને કેવી રીતે નુકસાન કરી શકે તેવો પ્રશ્ન કર્યો હતો. ■

### ભાજપ

હાથે પ. બંગાળમાં હારી રહી છે. ભાજપની વધતી જતી લોકપ્રિયતા વચ્ચે મમતા તેમનું સમતુલન ખોઇ બેઠાં છે. હતાશાને કારણે ટીએમસીના સુપ્રીમોએ તેમના ગુંડાઓને કોલકતાની શેરીઓમાં ભાજપના પ્રમુખ અમિત શાહની જંગી રોડ શો દરમિયાન હુમલો કરવા માટે છોડી મૂક્યા હતા,' એમ ઉત્તરાખંડના ભાજપ એકમના વડા અજય ભટ્ટે જણાવ્યું હતું. પ. બંગાળમાં શાહને જાનનું જોખમ છે એવો આક્ષેપ કરતા ભટ્ટે જણાવ્યું હતું કે કેન્દ્રીય સુરક્ષા દળોએ શાહને બચાવ્યા ના હોત તો તેઓ ઇજા વિના બચી શક્યા ના હોત. ટીએમસીના ગુંડાઓએ ભાજપના કાર્યકરો પર પથ્થરમારો કર્યો હતો અને રોડ શો નિષ્ફળ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. પ. બંગાળની સ્થિતિ ગંભીર છે અને મમતાના સરમુખત્યારશાહી વલણને દર્શાવે છે. મમતા પર વડા પ્રધાન અને ભાજપ પ્રમુખ અમિત શાહ માટે અપશબ્દો બોલવાનો આક્ષેપ કરતા ભટ્ટે જણાવ્યું હતું કે આ તૃણમૂલ સરકારની પડતીના સ્પષ્ટ સંકેત છે.સ્ટેજ બાંધવા માટે પરવાનગી નહીં આપવાને કારણે બુધવારના રોજ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની કોલકાતા ખાતેની રેલી રદ થવા અંગે પણ ભટ્ટે ખેદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે લોકો ટીએમસીને લોકસભાની ચૂંટણીમાં પાઠ ભણાવશે. તેમણે ચૂંટણી આયોગને પ. બંગાળમાં વાજબી અને મુક્ત ચૂંટણી યોજાય તે માટે કડક પગલાં ભરવા પણ અપીલ કરી હતી. (પીટીઆઇ)■

### મોદી

અપશબ્દનો ફરી પ્રયોગ કરતા કહ્યું હતું કે તેમની આ કમેન્ટ યોગ્ય પુરવાર થઈ રહી છે.

વડા પ્રધાને રાહુલ ગાંધીને ઘણી વાર 'નામદાર' કહીને નિશાન બનાવ્યા છે.

મોદીએ કૉંગ્રેસની નેતાગીરી પર પ્રહાર કરતા કહ્યું હતું કે 'એક પરિવારના શાસને જે ૫૫ વર્ષમાં નહોતું કર્યું એ ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે ૫૫ મહિનામાં કરી બતાડ્યું છે.

રાષ્ટ્રએ વિકાસનો અનુભવ કર્યો છે અને સરકારને એક પણ કલંક નથી લાગ્યો. હું બાબાધામમાંથી (મંદિરોના શહેર દેવગઢમાંથી) ગર્વ સાથે કહી રહ્યો છું કે લોકોએ મને પ્રામાણિક સરકારનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી છે.'

ગોડ્ડા લોકસભાની બેઠક પરથી બે વખત ચૂંટાયેલા ભાજપના સંસદસભ્ય નિશીકાન્ત દુબેને વિપક્ષોના ગઠબંધને પડકાર્યા છે. દુબે સામે ઝારખંડ વિકાસ મોરચા (પ્રજાતાંત્રિક)ના ઉમેદવાર પ્રદીપ યાદવ ઊભા છે.

લોકસભાની ગોડ્ડા, દુમ્કા (એસટી) અને રાજમહલ (એસટી) બેઠક પર ૧૯મી મેએ આખરી તબક્કામાં મતદાન થશે. (પીટીઆઇ)

### કૉંગ્રેસ

સંસ્કૃતિને, ભાષાને, ખોરાક સંબંધિત આદતોને અને દેશી જનતાની ઓળખને નુકસાન પહોંચ્યું છે. વિનાશ અને વિધ્વંસની નકારાત્મક રાજકીય નીતિએ દેશમાં રાજકીય માહોલ બગાડી નાખ્યો છે. ભાજપ દરેક રાજ્યમાં પોતાની સર્વોપરિતા ઠોકી બેસાડવા ઇચ્છે છે અને એવું કરવા જતાં એ દેશની સ્વાયત્ત રાજ્યવ્યવસ્થાને નબળી પાડી રહ્યો છે.'

સિંઘવીએ જણાવ્યું હતું કે 'કૉંગ્રેસ-પ્રમુખ રાહુલ ગાંધી પોતે ભારતના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવનાર વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, ઓળખ તથા ભાષાના રક્ષણ માટે કાર્ય કરી રહ્યા છે અને આ જ સૌથી પ્રબળ કારણ છે કે જેના કાજે તેઓ (ગાંધી) ઉત્તર ભારતમાંથી (અમેઠીમાંથી) તથા દક્ષિણ ભારતમાંથી (વાયનાડમાંથી) ચૂંટણી લડી રહ્યા છે કે જેથી ભારતના તમામ ભાગો કૉંગ્રેસ પક્ષના એકસમાન છત્ર તળે એકતા અનુભવે.'

સિંઘવીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે 'મોદી સરકારની ભાગલાવાદની નીતિ પૂરજોશમાં છે. એણે નાગરિકત્વ સુધારા ખરડો રજૂ કર્યો છે જેનો સમગ્ર ઉત્તર-પૂર્વ પ્રાન્તમાં મોટા પાયે વિરોધ થયો છે. જમ્મુ અને કાશ્મીરમાં પણ કેન્દ્ર સરકારે ૮૦,૦૦૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું, પણ માત્ર ૩૧ ટકાનું જ પૅકેજ આપ્યું છે. બિહારમાં પણ એવું જ બન્યું છે. ત્યાં ૧.૨૫ લાખ કરોડ રૂપિયાનું વચન અપાયું હતું, પણ હજી સુધી બિહારમાં કંઈ પહોંચ્યું જ નથી. મોદી સરકારે શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રની મહત્ત્વની કલ્યાણકારી યોજનાઓ માટે જરૂરી ભંડોળથી રાજ્યોને વંચિત રાખ્યા છે.' (પીટીઆઇ)

## હિન્દુ મરણ

**સુરત નાગર સમાજ**

સુરતના હાલ મુંબઈ સુંદરલાલ અમૃતલાલ મોદી તે સુશીલાબેનના પતિ. સુનિલ, ભદ્રિકાના પિતા. જાસ્મીના, મહેન્દ્ર દલાલના સસરા. રોહન, વિધિના દાદા તા. ૧૪-૫-૧૯ના મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટમાં ૫ થી ૭ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

ગામ હમલા મંજલના પુષ્પાવંતી (શાંતાબાઈ) ઉમીયાશંકર ભટ્ટના પુત્ર ભીખુ (રમેશ) (ઉં.વ. ૪૮) શનિવાર, તા. ૧૧-૫-૧૯ના સ્વર્ગવાસી થયેલ છે. તે સુભાષભાઈ, મીનાબેન, રંજનબેન, સ્વ. તરૂબેન, સ્વ. કમળાબેનના નાના ભાઈ. રાજેશભાઈ, રીટા (રીદ્ધિ)બેનના કાકા. તે સ્વ. કરસનદાસ, માધવજીભાઈના ભત્રીજા. સ્વ. તુલસીદાસ, મોહનલાલના ભાણેજ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના ૪ થી ૬ નિત્યાનંદ ભવન, જૂની આનંદ બજારની ઉપર, પહેલે માળે, જયહિંદ કોલોની, ગુપ્તે રોડ, ડોંબિવલી વેસ્ટ.

**કચ્છી ભાનુશાલી**

ભા. પોપટલાલ (મુલજી) કરમશી દામા ગામ જખૌના ધર્મપત્ની અ. સૌ. નીર્મલાબેન (ઉં.વ. ૭૨) તા. ૧૪-૫-૧૯ના મુલુન્ડ મધ્યે ઓધવશરણ પામેલ છે. સાસરા સ્વ. જેઠાભાઈ, સ્વ. હરિરામ, સ્વ. કરમશી દામજી, શંકરલાલ કલ્યાણજીલ વેરશી કરમશી. દિયર રમેશ, ભરત કરમશી. પુત્ર અતુલ, હર્ષ. જમાઈ અનિલ બાબુભાઈ ભદ્રારવા, રમેશ નારાણજી મંગે છાડુરા. માવિત્ર સ્વ. ધરમશી તથા સ્વ. વીરજી નથુ, સ્વ. મંગલદાસ મીઠુભાઈ, હરિદાસ ધરમશી ચાંદ્રા સાંધાણ. પ્રાર્થના રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

દિહોર હાલ મુલુન્ડ રાજેશ કાંતિલાલ મહેતાના પત્ની નીલા (ઉં.વ. ૬૬) તા. ૩-૫-૧૯ના ન્યૂ જર્સી અમેરિકામાં અક્ષરનિવાસી થયેલ છે. તે કામિની, વિરેશ, સ્નેહના ભાભી. વિક્રમ, રિષીના માતુશ્રી. અંજલિ, રિબેકાના સાસુમા. જાનવી, આયુષના દાદીમા. મુલુંડ નિવાસી સ્વ. રવજીભાઈ ખાખરીયાના દીકરી. પ્રતાપ, સ્વ. પ્રમિલા, રસિલા, સ્વ. નિર્મલા, રમેશ, મહેન્દ્રના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

વીરજી દયાળજી પોબારીયા (ઉં.વ. ૮૩) તે સ્વ. ઠા. દયાળજી જેરામના પુત્ર હાલે ડોમ્બીવલી ગામ નાગલપુર (અંજાર), ગં. સ્વ. યશોદાબેનના પતિ. સ્વ. રતનશી રામજી ભલ્લા ગામ અંજારવાળાના જમાઈ. રમેશ, પંકજ, ગીતા રાજેશ ઠક્કરના પિતાશ્રી. રાજેશ રામજી ઠક્કરના સસરા તા. ૧૩-૫-૧૯ના સોમવારે રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી શેઠ કિશોરભાઈ ગુલાબરાય (ઉં.વ. ૭૫) તે ચંદ્રીકાબેનના પતિ. નિલેશ, વિપુલ, સોનલ જીગરકુમાર ગાંધીના પિતાશ્રી. સ્વ. હર્ષદભાઈ, સ્વ. દિનાબેન શાંતિલાલ, પ્રવિણાબેન પ્રવિણકુમાર, સ્વ. જયોતીબેન રાજેશકુમાર, મયુરીબેન રાજેશકુમારના ભાઈ. રાજુલાવાળા સંઘવી હરીલાલ પરશોત્તમદાસના જમાઈ. મહુવાવાળા સ્વ. કનૈયાલાલ, અનંતરાય હરીલાલ પારેખના ભાણેજ. જીજ્ઞા, નેહા, જીગરકુમારના સસરા તા. ૧૪-૫-૧૯, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વ પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૧૯, ગુરુવારે ૫ થી ૭ સંસ્કૃતિ ભવન, નરવણે વિદ્યાલય, સ્વીમિંગ પુલની સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, એમ. જી. રોડ, કાંદિવલી વેસ્ટ.

### માયાવતી

જનકલ્યાણાર્થના કાર્યો કરવામાં બસપના નેતા કેટલા સારા છે અને હાલના વડા પ્રધાન કેટલા અયોગ્ય છે.

માયાવતીએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં અમારી સરકાર હતી ત્યારે અરાજકતા નહોતી સર્જાઇ અને રમખાણ નહોતા થયાં, પરંતુ નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે અને વડા પ્રધાન છે ત્યારે બહુ જ અરાજકતા જોવા મળી હતી, હિંસા થઇ હતી, તંગદિલી સર્જાઇ હતી અને દ્વેષભાવની ઘટના બની હતી.

તેમણે જણાવ્યું હતું કે મોદીજી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે પણ દેશની સંસ્કૃતિ, બંધારણ અને કાયદાને અનુસરીને 'રાજધર્મ'નું પાલન કરી નહોતા શક્યા. (એજન્સી)■

### યુનોએ

ઉઝબેકિસ્તાનના કેટલાક સભ્યો ઇસ્લામિક સ્ટેટ ઇન ઇરાક એન્ડ ધ લેવન્ટ - ખોરાસાનમાં જોડાયા હતા.

ઇસ્લામિક સ્ટેટ ઇન ઇરાક એન્ડ ધ લેવન્ટ - ખોરાસાનએ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાંના અનેક હુમલાની જવાબદારી લીધી હતી.

પાકિસ્તાનના ક્વેટામાં ૨૦૧૬માં, અફઘાનિસ્તાનના કાબુલમાં ૨૦૧૭માં અને ફરી પાકિસ્તાનના ક્વેટામાં ૨૦૧૮માંના હુમલામાં ઇસ્લામિક સ્ટેટ ઇન ઇરાક એન્ડ ધ લેવન્ટ - ખોરાસાન સંગઠન સંડોવાયું હોવાનું કહેવાય છે. (એજન્સી) ■

**પંચાલ**

ગામ સરીગામ (સાતગામ) હાલ મલાડ સ્વ. મણીબેન પરસોત્તમ કુંવરજીના પૌત્ર તથા કોકિલાબેન ધનસુખભાઈના પુત્ર ભાવેશભાઈ (ઉં.વ. ૩૭) તા. ૧૪-૫-૧૯, મંગળવારના શ્રીચરણ પામ્યા છે. દિપીકાબેનના ભાઈ. દિશાંતભાઈના સાળા. તારાબેન-ઈશ્વરભાઈ, ભાવનાબેન, અશ્વિનભાઈના ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૧૯, ગુરુવારના ૪ થી ૬. ઠે. સરસ્વતી એસ. આર. એ. હોલ, ચીંચોલી બંદર રોડ, ધીરજ ગંગા જમનાની બાજુમાં, મલાડ વેસ્ટ.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

મૂળ ભેંસાણ હાલ બોરીવલી સ્વ. ગિરીશચંદ્ર કાંતિલાલ વ્યાસ તથા સ્વ. શ્રીમતી રસીલાબેનના પુત્રી કુમારી સાધના ગિરીશચંદ્ર વ્યાસ તે યોગેશ, રાજેન, પારૂલના બેન. જિનિલ યોગેશ વ્યાસના ફઈમા તા. ૧૪-૫-૧૯, મંગળવારે કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૫-૧૯, શુક્રવારે ૪ થી ૬. સ્થળ: શ્રી ગુરૂનાનક દરબાર હોલ, સાંઈબાબા નગર, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

બળદેવભાઈ (ઉં.વ. ૯૩) મૂળ ગામ વઢવાણ, હાલ ગોરેગામ તા. ૧૪-૫-૧૯, મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભુદરભાઈ જેઠાભાઈ ગોહિલના પુત્ર. સ્વ. હરજીવનદાસ, કનૈયાલાલ, સ્વ. ઉમિયાબેન ચતુરદાસ પાટડીયાના ભાઈ. જયશ્રીબેન દીપકકુમાર ગદાણી, લાજવંતીબેન, પ્રસાદભાઈના પિતાશ્રી. સ્વ. પુષ્પાબેનના પતિ. સ્વ. મગનલાલ મોરાર પરમારના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

વરસામેડી અંજાર કચ્છ હાલ બોરીવલીના અનિલ ભરત માણેક (ઉં.વ. ૪૭) તે સ્વ. ભરતભાઈ અને ગં. સ્વ. સીતાબેનના પુત્ર. ક્રિષ્ણાબેનના પતિ. દિપના પિતા. નિલેશ, બીનલબેનના નાના ભાઈ. હરીશભાઈ અને હીનાબેન ઠક્કરના જમાઈ તા. ૧૩-૫-૧૯ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૬-૫-૧૯ના ગુરુવારે ૪ થી ૬. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોર હાલ કાંદિવલી અમુલખરાય જગજીવનદાસ મુની (ઉં.વ. ૮૫) સોમવાર, તા. ૧૩-૫-૧૯ના શ્રીજીચરણ પામેલ છે. તે અશ્વિન, રક્ષા અશ્વિન મથુરીયા, ભાવના તુષાર સંઘવી, સ્વ. જયેશના પિતા. હર્ષાના સસરા. ગૌરવ, ઉર્વી, અહાનના દાદા. સ્વ. બાલકૃષ્ણભાઈ, સ્વ. વિનોદરાય, શરદભાઈ, સ્વ. વસંતબેન, પ્રભાબેન, સ્વ. કળાબેન, રમાબેનના ભાઈ. સ્વ. અનંતરાય, પ્રદ્યુમન ગીરધરલાલ વળીયાના બનેવી. તમામ લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

તળાજા હાલ કાંદિવલી દુલેરાય પ્રાગજીભાઈ વાઘેલાના ધર્મપત્ની વિમળાબેન (ઉં.વ. ૬૯) તા. ૧૨-૫-૧૯, રવિવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. ગિરધરભાઈ, સ્વ. રતિભાઈ, સ્વ. ચુનીભાઈ, સ્વ. વિનોદભાઈ, કાંતાબેન, શાંતિભાઈ, રમેશભાઈના ભાઈના પત્ની. હરેશભાઈ, નરેન્દ્રભાઈ, નિતીનભાઈ, રાજુભાઈ, કિરણભાઈ, સચિનભાઈ, ભાવેશભાઈ, મેહુલભાઈ, કૌશિકભાઈ, નિર્મળાબેન, જયશ્રીબેન, રમીલાબેન, નીતાબેન, પ્રવિણાબેન, નૈનાબેન, આરતીબેનના કાકી. જાફ્રા નિવાસી સ્વ. જીવરાજભાઈ માધવજીભાઈ સોલંકીના દીકરી. વૃજલાલભાઈ, મોહનભાઈ, રંજનબેનના બેન. બંને પક્ષની સાદડી ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના ૪ થી ૬. લૌકિક પ્રથા બંધ છે. સ્થળ: શ્રી દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ વાડી, અશોક ચક્રવર્તી રોડ નં. ૪, અશોક નગર, સ્વયંભૂ ગણેશ મંદિરની સામે, કાંદીવલી ઈસ્ટ.

**ગણદેવી લાડ વણિક**

ગં. સ્વ. સુધાબેન કાંતિલાલ ગુલાબદાસ શ્રોફ (ઉં.વ. ૮૧) તા. ૧૪-૫-૧૯ના શ્રીજીચરણ પામ્યા છે. ગૌરાંગ, બીનાના માતુશ્રી. સંગીતા, સમીરભાઈ જરીવાલાના સાસુ. દૃષ્ટિ, દિશાના દાદી. ઉષાબેન ગમનલાલ શાહના બહેન. લતાબેન મધુકરભાઈ શેઠના નણંદ. પ્રાર્થનાસભા તા. ૧૭-૫-૧૯, શુક્રવારના ૫ થી ૭ સન્યાસ આશ્રમ, ૧લે માળે, એસી હોલ, વિલેપાર્લા વેસ્ટ.

**બાબરીયાવાડ દરજી**

ગામ લોઠપર હાલ વિરાર મગનભાઈ દેવરાજ ભીખાભાઈ રાઠોડ (ઉં.વ. ૪૯) તા. ૧૪-૫-૧૯ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. તારાબેન તથા વિમલબેનના પતિ. મીતેશ-કોમલ, ચેતનભાઈના પિતાશ્રી. કાંતિભાઈ, છગનભાઈ, હિંમતભાઈ, કિશોરભાઈ, પ્રવિણભાઈ, સ્વ. પ્રભાબેન વિઠ્ઠલભાઈ ગોહિલ, ગીતાબેન પ્રવિણભાઈ પરમારના ભાઈ. રાજુલા નિવાસી રામજીભાઈ ભોળાભાઈ ચાવડાના જમાઈ. મનસુખભાઈ શામજીભાઈ વાઘેલાના વેવાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૧૯, ગુરુવારના ૪ થી ૬. ઠે. કચ્છી વિશા ઓસવાલ જૈન સ્થાનક, મારૂ આરાધના ભવન, રામદેવ ઝેરોક્ષની સામે, તુળીંજ ચાર રસ્તા, નાલાસોપારા ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ દ્વારકા (કલ્યાણપર) હાલ થાણા સ્વ. લીલાધર કરસનદાસ ઠક્કરના ધર્મપત્ની ગં. સ્વ. લલીતાબેન (ઉં.વ. ૮૧) તા. ૧૪-૫-૧૯, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે કિશોરભાઈ, ગં. સ્વ. સંધ્યાબેન કાંતિલાલ મોદી, અ. સૌ. છાયાબેન અશોકકુમાર પાબારી, અ. સૌ. રૂપાબેન રાજેશકુમાર ગઠીઆના માતુશ્રી. સ્વ. દામોદર કરસનદાસ દત્તાણી ખંભાળીયા વાળાની દીકરી. કામીનીના સાસુ. ભાનુભાઈ, ભાવનાબેન, જીતુભાઈ, નીલાબેનના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૧૯, ગુરુવારના ૪.૩૦ થી ૬ શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આલી, થાણે.

**કચ્છી લોહાણા**

સ્વ. રુખમણીબેન કલ્યાણજી રાયમંગિયા ગામ સોનારવાડી ટપ્પરના પુત્રવધૂ મહાલક્ષ્મીબેન (ઉં.વ. ૭૧) બુધવાર, તા. ૧૫-૫-૧૯ના રામશરણ પામેલ છે. તે સ્વ. કિશોરભાઈના ધર્મપત્ની. સ્વ. દીપેશ, અ. સૌ. રાખી અશોકભાઈ વરપેના માતુશ્રી. સ્વ. ઝવેરબેન વિરજી ખીમજી ચોથાણીના મોટા પુત્રી. ભાવનાબેન, સ્વ. જયશ્રીબેન, પપ્પીબેનના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા મુક્તેશ્વર મહાદેવ મંદિર, ડો. આર. પી. રોડ, મુલુન્ડ વેસ્ટમાં ૫.૩૦ થી ૭. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ (બારીશી)**

ગામ ધુલેટા હાલ મીરા રોડ મહેન્દ્રભાઈ રેવાશંકર ઉપાધ્યાય (ઉં.વ. ૬૭) તા. ૧૧-૫-૧૯ના દેવલોક પામેલ છે. તે હંસાબહેનના પતિ. ચિરાગ, દર્શન, અમિત, રિતેષ, રાજુલ, કવિતાના પિતાશ્રી. ભાવેશકુમાર, કૌશલકુમારના સસરા. મનસુખલાલ, સ્વ. હંસાબહેનના ભાઈ. કનૈયાલાલ પંડયાના સાળા. સાદડી તા. ૧૬-૫-૧૯ના ગુરુવારે ૪ થી ૬ બી. એમ. રૂઈયા હોલ, આનંદ રોડ, રેલવે ક્રોસની પાસે, મલાડ વેસ્ટ. શ્વસુર પક્ષની સાદડી પુનાસણ નિવાસી સ્વ. મણિલાલ નાથુરામ વ્યાસ તરફથી સાથે રાખેલ છે. ઉત્તર ક્રિયા મલાડ મુકામે તા. ૨૨-૫-૧૯ના ઉપરના સ્થળે જ રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

તોરી હાલ વિલેપાર્લા ગં. સ્વ. પુષ્પાબેન (ઉં.વ. ૯૫) તે સ્વ. વિનોદરાય રામજી પાંધી (ઠક્કર)ના ધર્મપત્ની. ગીરીશભાઈ, રમેશભાઈ, નલીનીબેન નરેન્દ્રકુમાર, રેખાબેન શશીકાન્ત, ભારતીબેન હસમુખલાલના માતુશ્રી. સ્વ. શોભનાબેન ગિરીશભાઈ, અ. સૌ. ઉષાબેન રમેશભાઈના સાસુજી. અમ્રીતા સુમીતકુમાર, કરમ, હેમાંગી હીરલ, કાર્તીકના દાદીમા. સ્વ. શામજીભાઈ પ્રેમજીભાઈ જોબનપુત્રાના દીકરી. સ્વ. પ્રભુદાસભાઈ, સ્વ. શાંતિભાઈ, સ્વ. મુલચંદભાઈ, સ્વ. જશવંતીબેન ચીમનલાલ ઠક્કરના મોટા બેન તા. ૧૧-૫-૧૯, શનિવારના રાજકોટ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૧૯ના ૫ થી ૭ (બંને પક્ષની સાથે) રાખેલ છે. સ્થળ: શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ શામપરા (ખોડીયાર) હાલ મુંબઈ સ્વ. જયંતભાઈ ભીમજી કુંઢડીયા, તે ગં. સ્વ. કંકુબેન તથા ભીમજીભાઈ ધુડા કુંઢડીયાના જયેષ્ઠ પુત્ર. ગં. સ્વ. જમનાબેનના પતિ. અર્ચના, દર્શના, જતિન, યશના પિતા. શાંતાબેન, પુષ્પાબેન, સ્વ. કિરણ, સ્વ. સુનીલના ભાઈ. સ્વ. લાખુબેન તથા સ્વ. ભાણજી વિશ્રામ મકવાણાના જમાઈ. સંજય અધિકારી, અભિષેક ભાસ્કરના સસરા. બારમાની વિધી ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના ૪ કલાકે મેઘજી બિલ્ડીંગનું પટાંગણ, વાલપખાડી, મુંબઈ-૯.

**ક્ષત્રિય**

સ્વ. કલ્યાણજી ભીખાભાઈ ચાંપાનેરીના પુત્ર સ્વ. હીરાલાલ (ઉં.વ. ૭૯) હાલ વસઈ તા. ૧૨-૫-૧૯ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચિત્રા ચાંપાનેરીના પતિ. સ્વ. વિશ્વનાથ રાનડેના જમાઈ. ચેતન, પુનમ મિતેષ વોરાના પિતાશ્રી. હરીશ, નરેન્દ્ર, હેમન્ત, નિર્મળા અમૃતલાલ પરમાર, મંજુલા વસંતલાલ પરમાર, રમીલા જયંતીલાલ ચાવડાના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના ૪ થી ૬. સ્થળ: ન્યૂ સ્વામિનારાયણ મંદિર, ૧લે માળે, પાર્વતી સિનેમાની પાછળ, સાંઈ નગર, વસઈ વેસ્ટ.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ ધોકડવા હાલ ઘાટકોપર બાબુભાઈ મનજીભાઈ પરમાર (ઉં.વ. ૬૧) તા. ૧૩-૫-૧૯, સોમવારના અક્ષરનિવાસી થયા છે. તે ઉષાબેનના પતિ. રાકેશના પિતાશ્રી. હૃદયના દાદા. અમીના સસરા. લીલાબેન વેલજીભાઈ લાલજીભાઈ કવા દેલવાડાવાળાના જમાઈ. કાકુભાઈ, રતીભાઈ, ધીરૂભાઈ, રમેશભાઈ, ચંપાબેન વ્રજલાલ, પ્રવિણાબેન હસમુખલાલના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૭-૫-૧૯, શુક્રવારના ૪ થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, લવન્ડર બાગ હોલની બાજુમાં, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર ઈસ્ટ.

## જૈન મરણ

સરધાર હાલ દહીંસર ગં. સ્વ. જયોતીબેન તથા સ્વ. કિશોરકુમાર દોશીના પુત્ર આશિષભાઈ તા. ૧૩-૫-૧૯ના અરિહંતશરણ પામેલ છે. તે વાસંતીબેનના પતિ. પૂજાના પિતા. આરતીબેન, દીપ્તીબેનના ભાઈ. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર હાલ ઘાટકોપર અશ્વિનકુમાર નગીનદાસ કુંભાણી (ઉં.વ. ૭૯) સોમવાર, તા. ૧૩-૫-૧૯ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. સ્વ. જગદીશચંદ્ર, સૌ. હર્ષદા અરવિંદભાઈ મહેતાના ભાઈ. તેજલ, પૂર્વી, પાયલ, પ્રણવના પિતા. હર્ષદભાઈ તથા મહેશભાઈ પ્રતાપરાય બોટાદરાના બનેવી. પૌત્ર-પૌત્રી ક્રીસ, મોક્શા, સિદ્ધિ, જૈનમ તથા કશ્વી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના ૪ થી ૬. સ્થળ: શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્કાર કેંદ્ર, સરિતા પાર્ક, ૯૦ ફિટ રોડ, ગારોડીયા નગર, ઘાટકોપર પૂર્વ.

**દશા હુમ્મડ દિગંબર જૈન**

લાકરોડા હાલ મીરા રોડ સ્વ. અરવિંદલાલ મીઠાલાલ દોશીની પુત્રી નિલેશા અતુલકુમાર શાહ (ઉં.વ. ૪૭) સોમવાર, તા. ૧૩-૫-૧૯ના અરિહંતશરણ પામેલ છે. શ્રેયાની માતા. પિયુષ, ચેતન, નુતનની બહેન. ફાલ્ગુની, શીતલની નણંદ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના ૩ થી ૫. સ્થળ: પારેખ હોલ, જીતેન્દ્ર ક્રોસ રોડ, જૈન મંદિરની બાજુમાં, મલાડ ઈસ્ટ.

**ક. દ. ઓ. જૈન**

નવલબેન દેવશી ખોના (ઉં.વ. ૬૫) ગામ વરાડીયા તા. ૧૩-૫-૧૯, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે માનબાઈ ભવાનજી ઘેલાના પુત્રવધૂ. અલ્પા અતુલ દેઢીયા (ગામ દેવપર), પરેશ, આશિષના માતુશ્રી. રિદ્ધી, ધૈર્યના નાનીમા. સામા પક્ષે ગામ જખૌના વિસનજી ખીમજી મૈશરીના દીકરી. લાલજીભાઈ, વિજયાબેન, પુષ્પાબેન, જયાબેન, રતનબેન, નવીનભાઈના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**માકપટ ગુર્જર જૈન**

ગામ નખત્રાણાના ગં. સ્વ. તારાબેન તારાચંદ શેઠ (ઉં.વ. ૭૭) હૈદ્રાબાદ ખાતે મંગળવાર, તા. ૧૪-૫-૧૯ના અવસાન પામેલ છે. તે મહેતા લખમશી મોતીચંદના પુત્રી. જવાહર, મનસુખ, કિરીટભાઈ, ઈન્દુબેન, હેમુબેનના બેન. રાજેશ, ચેતના, કવિતા, દક્ષાના માતુશ્રી. પ્રદીપકુમાર, મહેશકુમાર, પ્રેમલકુમાર, સુમિત્રાના સાસુજી. રંભાબેન - વિરચંદભાઈ, બટુકભાઈ, રમણિકભાઈ, પ્રભાબેનના ભાભી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હા. વિ. ઓશવાળ જૈન**

મૂળ ગામ મુંગણી (હાલ મલાડ) રમેશચંદ્ર કુંવરબેન કેશવજી માલદે (ઉં.વ. ૬૯) તા. ૧૪-૫-૧૯ના અરિહંતશરણ પામ્યા છે. તે લક્ષ્મીબેનના પતિ. પરાગ, અમીત, જયોતી, અશોક, નયન, સિદ્ધાર્થ, કૃપા, જીગ્નેશના પિતાશ્રી. અમૃતલાલ, ચંદુલાલના ભાઈ. સ્વ. કરમણ, સ્વ. નાથાલાલ, સ્વ. સોમચંદ જીવરાજ માલદે, સ્વ. લીલાબેન ખીમજી ગુઢકાના ભત્રીજા. ગામ રાસનપર નિવાસી ચંદુલાલ, મહેન્દ્ર, જયેન્દ્ર, શાંતિલાલ વેરજી હિરજી હરિયાના બનેવી. પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૧૯ના ૩.૩૦ થી ૫ કલાકે શ્રી હાલારી વિશા ઓસવાલ, દાદાસાહેબ ફાલકે રોડ, દાદર સેન્ટ્રલ ઈસ્ટ.

**પોરબંદર દશા શ્રીમાળી જૈન**

ચંદ્રકાંત દ્વારકાદાસ શેઠ (ઉં.વ. ૮૫) તે સ્વ. કુસુમબહેનના પતિ. અજય, ચેતન, કેતનના પિતા. ગીરીશભાઈ, વત્સલા ઉલ્લાસ ઢાંકી, અશોકભાઈના ભાઈ. મોહનલાલ કલ્યાણજી શાહના જમાઈ. નીના, ફાલ્ગુની, રીનાના સસરા મુલુન્ડ મુકામે તા. ૧૪-૫-૧૯ના મંગળવારે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વહેવાર પ્રથા બંધ છે.

**ઘોઘારી વિશા ઓશવાળ જૈન**

મહુવા હાલ મીરા રોડ સ્વ. માતુશ્રી કાંતાબેન પ્રતાપરાય ગોપાળજી શાહના પુત્ર જગતભાઈ (ઉં.વ. ૬૪) તે તેજલ તથા કૃણાલના પિતાશ્રી. સ્વ. હર્ષદભાઈના નાના ભાઈ પુ. સા. મ. હીતપ્રજ્ઞાશ્રીજી તથા હર્ષરત્નાશ્રીજીના સંસારી ભાઈ. ભાવિકકુમાર ભુપતરાયના સસરા. સ્વ. જયસુખલાલ ચુનીલાલના જમાઈ તા. ૧૪-૫-૧૯ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડીયાના અ. સૌ. લીના નીતીન ગોગરી (ઉં.વ. ૫૬) તા. ૧૩-૫ના અવસાન પામ્યા છે. નીતીન રામજીના ધર્મપત્ની. ઝવેરબેન રામજી દેવજીના પુત્રવધૂ. પ્રતીકના માતુશ્રી. વેલબાઈ (વિમળા) મણીલાલ ગાંગજીના પુત્રી. મનસુખ, સાડાઉ મિતા અતુલ જયંતીલાલના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.

રાયણ માધુરી (કુસુમ) (ઉં.વ. ૬૧) અવસાન પામેલ છે. માતુશ્રી જવેરબેન મુલજી હંસરાજ મારૂના પુત્રવધૂ. મહેન્દ્રના પત્ની. વૈશાલી, કેકીન, હાર્દિકના માતુશ્રી. મો. આ. કુંવરબેન ખીમજી વીરાના પુત્રી. પ્રા. શ્રી વર્ધ. સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

ભોજાયના દામજી પાલણ વિશનજી મારૂ (ઉં.વ. ૮૨) તા. ૧૩-૫-૧૯ના દેશમાં અવસાન પામેલ છે. માતુશ્રી કુંવરબાઈ (કુવામા) પાલણ વિશનજી મારૂના (દત્તક પુત્ર). હાલાપુરના માતુશ્રી પાનબાઈ વીરજી ડાયાના પુત્ર. મણીબાઈના પતિ. નિલેશ, મીના, ચેતના, બીના, અનિતાના પિતા. ભોજાયના ગંગાબાઈ નરશી રવજી નાગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી.

કોટડા રોહાના કાંતાબેન (હેમા) કેશવજી દેવજી ગાલાના જમાઈ સંદીપ શેટ્ટી (ઉં.વ. ૩૬) મુંબઈમાં અવસાન પામેલ છે. ખુશ્બુના પતિ. મેન્ગલોર (કર્ણાટક)ના સાધુ શેટ્ટીના પુત્ર. પ્રાર્થના રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચરખડી હાલ વાશી કાંતાબેન છબીલદાસ બાવીશીના પુત્રવધૂ અ. સૌ. ચંદન (બેલુ) (ઉં.વ. ૬૪) તા. ૧૪-૫-૧૯, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે જીતેન્દ્રભાઈના પત્ની. હર્મિશના માતુશ્રી. અ. સૌ. મેઘનાના સાસુ. કાવ્યના દાદી. પિયર પક્ષે સ્વ. હિંમતલાલ લીલાધર રતાણીના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૧૯, ગુરુવારના ૪ થી ૬ પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચુડા નિવાસી હાલ બડનેરા સ્વ. અમૃતલાલ ગુલાબચંદ ગોસલિયાના પુત્ર જસવંતલાલનું નિધન મંગળવાર, તા. ૧૪-૫-૧૯ના થયેલ છે. તે ઉષાબેનના પતિ. દેવેન, રુપલ, શિતલના પિતાશ્રી. જયોતિ, યોગેશકુમાર, અક્ષયકુમારના સસરા. સ્વ. રમણિકભાઈ, પ્રફુલ, સુરેશ, સ્વ. વિમળાબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. શાંતાબેન, હંસાબેન, કોકિલાબેન, સ્મિતાબેન, રેખાબેનના ભાઈ. અમલનેર નિવાસી સ્વ. અમૃતલાલ હરજીવનદાસ મસ્કરિયાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૫-૧૯ના સવારે ૧૦.૩૦ મહાવીર ભવન, બડનેરામાં રાખેલ છે.

## પાયદસ્ત

**દીના શારદુલ થક્કર**
**(દીના દીનશાહ માદન)**

સગાઈ: તે શારદુલ જશ્વંત થક્કરના ધનીયાની. તે મરહુમો ડો. ખોરશેદ તથા જસ્ટીસ દીનશા પીરોશા માદનના દીકરી. તે પુરનીમા એસ. થક્કર, સિધાર્થ એસ. થક્કર તથા તનીકા થક્કરના માતાજી. તે ફ્રેન્ક હારમોન તથા આશા થક્કરના સાસુજી. તે વીર સીંઘના ગ્રાંડ મધર. (ઉંમર વર્ષ ૭૧). રહેવાનું ઠેકાણું: ફ્લેટ ડબ્લ્યુ-૧, રામાલયમ, પેડર રોડ, એચ.એસ.બી.સી. બેન્કની પાછળ, કંબાલા હીલ, મુંબઈ-૪૦૦૦૨૬. પાયદસ્ત: તા. ૧૬-૫-૧૯ના રોજે સવારે ૯-૦૦ કલાકે હોડીવાલા બંગલી, ડુંગરવાડીમાં થશેજી. ઉઠમણાંની ક્રિયા તા. ૧૬-૫-૧૯ના રોજે બપોરે ૩-૪૫ કલાકે હોડીવાલા બંગલી, ડુંગરવાડીમાં થશેજી.

## પારસી મરણ

દીનયાર એરચશા તાંગરી તે બાનુ એરચશા તાંગરીના ખાવીંદ. તે કૈઝાદ એરચશા તાંગરીના બાવાજી. તે મરહુમો બાનુબાઈ તથા એરચશા કાવસજી તાંગરીના દીકરા. તે ફીરોઝ તાંગરી, મની જોખી તથા મરહુમો જરબાઈ મેધોરા, કેતી વાંદ્રેવાલા, આલુ બજીના તથા ડાડીબા તાંગરીના ભાઈ. તે જેસીકા તથા મારથાના સસરાજી. તે સારવાટ તથા બેહરામ ઈરાનીના જમાઈ. (ઉંમર વર્ષ ૮૩). રહેવાનું ઠેકાણું: બંગલો નં. ૪, બાનુ મનોર, આઝાદ રોડ, અંધેરી (પૂ.), મુંબઈ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા તા. ૧૭-૫-૧૯ના રોજે બપોરે ૩-૪૫ કલાકે માલકમ બાગ અગિયારી, જોગેશ્વરીમાં થશેજી.

રોશન કાવસ તરનર તે મરહુમો બચામાય તથા કાવસ રૂસ્તમજી તરનરના દીકરી. તે ખોરશેદ, અદી તથા મરહુમો જાલ, પેસી, સામ તથા જરૂના બહેન. તે રોડા પેસી તરનરના નરન. તે મરહુમ ફ્રેદુન નાદીરશા દારૂવાલાના સાલીજી. તે ફરીદા, માલકમ અને તનાઝ તથા મરહુમ સોલીના ફુઈજી, તે પોરસ અને કુરૂશ દારૂવાલાના માસીજી. (ઉંમર વર્ષ ૮૫). રહેવાનું ઠેકાણું: ૧૧, અલી મંઝિલ, ૩જે માળે, નસરવાનજી પીટીટ સ્ટ્રીટ, ગ્રાંટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૧૭-૫-૧૯ના રોજે બપોરે ૩-૪૫ કલાકે વાડયા બંગલી, ડુંગરવાડી.

## મુસ્લિમ મરણ

**દાઉદી વોહરા**

બતુલબાઈ હાતીમભાઈ બસુવાલા મરહુમ ઝૈનુદ્દીન અબ્દુલકાદર રાજાના બૈરા. તે મરહુમ સૈફુદ્દીનભાઈ હાતીમભાઈ બસુવાલાના બહેન. ઈકબાલભાઈ, નસીમબહેન, મુખ્તારભાઈ, શબ્બીરભાઈના મા. નોમાનભાઈ ખોરાકીવાલા, નાઝીયાના સાસુજી. હૈદર ખોરાકીવાલાના નાનીમા. મોહમદ, આસીફ, સલીમ, આરીફ, ઝૈયનબ, આફતાબના દાદીમા મુંબઈ મુકામે ૧૪-૫-૧૯ના ગુજરી ગયા છે. બીજિયા / ત્રિજયાના સીપારા સાંતાક્રુઝ મસ્જિદમાં તા. ૧૬-૫-૧૯ના સવારે ૧૧.૩૦ વાગે રાખવામાં આવ્યા છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક